અપીલ અરજી નં.૭૭ તા.૨૨–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રકુમાર ઈશ્વરલાલ શ્રોફ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રકુમાર ઈશ્વરલાલ શ્રોફની તા.૨૪–૪–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.૧૩૦૮ એ/૨ પૈકીની મિલ્કતમાં પાર્કીગની જગ્યામાં બાંધકામ કરેલ છે જે બાંધકામની કોણે અને કયારે અરજી કરેલી છે તેની માહિતી અને મંજુર થયેલા પ્લાનની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૬–'૦૯ ની અપીલ અરજી નં.૭૭/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રકુમાર ઈશ્વરલાલ શ્રોફની તા.૨૪–૪–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.૧૩૦૮ એ/૨ પૈકીની મિલ્કતમાં પાર્કીગની જગ્યામાં બાંધકામ કરેલ છે જે બાંધકામની કોણે અને કયારે અરજી કરેલી છે તેની માહિતી અને મંજુર થયેલા પ્લાનની નકલ આપવા બાબતે પ્રતિભાવ નહી મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૬ તા.૧–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૪૯ તા.૧૪–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી તથા અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૧ તા.૧૫–૫–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૪–૪–૦૯ ની અરજીથી વોર્ડ નં.૧ નોંધ નં.૧૩૦૮ એ/૨ પૈકીની મિલ્કતમાં પાર્કીગની જગ્યામાં બાંધકામ કરેલ છે જે બાંધકામની કોણે અને કયારે અરજી કરેલી છે તેની માહિતી અને મંજુર થયેલા પ્લાનની નકલ આપવા માટેની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી " ઉપલબ્ધ રેકર્ડ જોતાં વોર્ડ નં.૧ નોંધ નં.૧૩૦૮ એ/૨ પૈકીના મંજુર પ્લાનની તથા અન્ય વિગતો મળી આવેલ નથી." તેવી માહિતી અરજદારને પૂર પડાયેલ છે. જે અંગે અરજદારે પ્રતિભાવ મળ્યો નથી તથા અપૂરતી માહિતી આપ્યાની અપીલ અરજીમાં રજૂઆત કરેલ છે અરજદારે પાર્કીગની જગ્યાના બાંધકામની અરજીની માહિતીની માંગણી કરેલ છે. આ પ્રકારે બાંધકામ માટે મંજુરી માંગતી અરજી આવેલ હોય અને કાર્યવાહી કરેલ હોય તો તેની વિગતો કચેરીના ઈનવર્ડથી બાંધકામ ફાઈલ લાગત રજીસ્ટર વિગેરે કક્ષાએ હોવાનું અનિવાર્ય છે. જો ન આવેલ હોય કે કાર્યવાહી થયેલ ન હોય તો તે પણ દફતર પરથી જાણી શકાય. દફતર મળી આવેલ નહીં હોવા બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ કારણ અરજદારને કે અપીલ તબકકે અત્રે રજૂ કરેલ નથી. દફતર નિભાવણી અને દફતર નિકાલ સહિતની ઉપલબ્ધ દફતરની યાદી આરટીઆઈ એકટની કલમ–૪(૧) બી ની મેન્યુઅલ ૬ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં સમાવિષ્ટ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તે અંગેનો પણ કોઈ સંદર્ભ જણાવેલ નથી.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે લાગત દફતરના નિકાલ નાશની અધિકૃત વિગતોની માહિતી અરજદારને પૂરી પાડવા તથા બાંધકામની અરજી અંગે કચેરીના આનુષાંગિક અન્ય દફતરનું જરૂર જણાય તો ઈન્સ્પેકશન પુરું પાડી તે પરથી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૭ – ૦

*ડે.કમિશનર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રકુમાર ઈશ્વરલાલ શ્રોફ